શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૦

અંક : ૨

**વ્હાલા મિત્રો,**

**હોળી મુબારક**

આપ સૌ જાણો છો કે હોળી આપણો પરંપરાગત રીતે ઉજવાતો તહેવાર છે. જેની સાથે રાજા હિરણ્યકશ્યપનો પ્રભુભકત પુત્ર પ્રહલાદ અને તેની બહેન હોલીકાની લોકવાયકા જોડાયેલી છે. હોળીના તહેવાર નિમિતે આપણે વેરઝેર ભુલી રંગોત્સવ ઉજવીએ છીએ. જીંદગીના વિવિધ રંગોને ભૌતીક રંગો સાથે સંમિશ્રિત કરી, એકબીજાને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

પરંપરાગત રીતે હોળીની ઉજવણી ફુલોના રંગો, વનસ્પતિના પાંદડામાંથી બનેલા રંગો, ખાદ્ય ચીજોમાંથી બનતા રંગો દ્વારા રમાતી આ રંગોથી શરીર તથા ચામડીને ફાયદો થતો હતો. વસંતઋતુના મઘમઘતા આ તહેવારને ઉજવવા આજકાલ જે રસાયણયુકત રંગોનો ઉપયોગ કરવામાં આવે છે તે અતિ જોખમી છે.

જયારે આ રંગોને શરીર ઉપરથી કે કપડા ઉપરથી ધોવામાં આવે ત્યારે પાણી પ્રદુષિત થાય છે. પ્રદુષિત પાણી જમીનને પણ બિન ઉપયોગી અને પ્રદુષિત કરે છે.

શ્રીકૃષ્ણની ભુમિ વૃંદાવનમાં આજે પણ રજનીગંધા અને ગુલાબ જેવા ફુલોની પાંખડીમાંથી બનાવેલ રંગોથી હોળી રમવામાં આવે છે.

હોળીના તહેવારને વસંતઋતુ ને આવકારતા તહેવાર તરીકે ઓળખવામાં આવે છે. વ્યવહારીક રીતે જોઈએ તો હોળી એ સંપુર્ણ રીતે ખીલી ઉઠેલા ફુલો અને છોડમાંથી બનાવેલા રંગોના તહેવાર છે. આવા કુદરતી રંગો આપણી તંદુરસ્તી અને ચામડી માટે લાભદાયક થાય છે.

શુ આપણે પર્યાવરણ અને આપણા જીવનના ભોગે તહેવાર ઉજવીશુ ?

ના... કદાપી નહી.

હોલી કે રંગ ફુલો કે સંગ...

ચાલો આપણે કુદરતી રંગોથી હોળી રમીએ...

**ફેબ્રુઆરી ૨૦૦૮ અંક સહયોગ**

જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ મંડળ

લાસા તા. ખાંભા

| | |
|---|---|
| રમેશભાઈ હડિયા | જેરામભાઈ કોટડીયા |
| પ્રમુખ | સરપંચ |

## સંસ્થાના દ્વારેથી

### પ્રવાહ

પાણી અને સ્વચ્છતા સ્વાવલંબનની લોક હિમાયત અભિયાનની કામગીરી ખાંભા તાલુકાના ૪ ગામોમાં કરવામા આવી. અમરેલી તથા સાવરકુંડલાની કામગીરી ચાલી રહી છે. અભિયાનમાં ગામના લોકો હોંશભેર ભાગ લે છે. સંસ્થાના કાર્યકરો હેતલબેન, અશોકભાઈ, વિજયાબેન, તૃપ્તિબેન, ભરતભાઈ અને હાર્દિકભાઈ સામેલ થયા હતા.

તા.૬ ફેબ્રુઆરીના રોજ શહેરી વિસ્તારના પીવાના પાણી અને સ્વચ્છતાના પ્રશ્નોની સમજ કેળવવા એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલુ હતું. પીવાના પાણી અને સ્વચ્છતાના પ્રશ્નો રોજબરોજ વિકરાળ સ્વરૂપ લઈ રહયા છે. આ પ્રશ્નો માટે પ્રવાહ તરીકે આપણે સહીયારી કામગીરી કરીને કઈ રીતે આગળ વધી શકીએ તેના પર વિચાર કરવામાં આવ્યો હતો.

તા. ૨૩ના રોજ અમરેલી સ્થિત શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના કાર્યાલયે પ્રવાહ સૌરાષ્ટ્ર–૨ની રીજનલ મીટીંગ સંસ્થાના પ્રમુખશ્રી ડી. વી. વાગડીયાના પ્રમુખ સ્થાને યોજાઈ હતી. આ મીટીંગમા પ્રવાહની ભાવિ દિશા, સભ્ય સંસ્થાની ભૂમિકા, રીજનલ સેન્ટરની ભૂમિકા, આગામી વર્ષનુ આયોજન તથા સંકલન સમિતી રચવામા આવી હતી.

## ગ્રામ વિકાસ સંગઠન પારિતોષિક

તા. ૧૦ નારોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ખાતે યોજાયેલ ભવ્ય સમારંભમાં જયુરીના અધ્યક્ષ ડો. સુદર્શન આયંગર, ડીએસસીના ચેરમેન વિજય મહાજન, એકઝીકયુટીવ સેક્રેટરી શ્રી સચીન ઓઝા , શ્રી અનીલભાઈ શાહનો પરીવાર તથા ડીએસસી ટીમ અને ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા. અત્રેથી સુરેશભાઈ, મમતાબેન, તૃપ્તીબેન તથા ધીરુભાઈ હાજર રહયા હતા.



આયોજન પંચના ભૂતપૂર્વ સેક્રેટરી શ્રી ડો. વાય.કે.અલઘના હસ્તે લાસા ગામના આ સંગઠનના પ્રમુખશ્રી રમેશભાઈ હડીયાને સન્માનીત કરાયા. આ પ્રસંગે લાસા ગામના સરપંચ તથા આ સંગઠનના મંત્રી શ્રી જેરામભાઈ કોટડીયા ઉપસ્થિત રહયા હતા.

શ્રી પરેશભાઈ તથા શિલ્પાબહેન દ્વારા કાર્યક્રમનુ સુંદર સંચાલન થયુ હતું.

**આજનો પુરૂષાર્થ આવતી કાલનું ભાગ્ય છે.**

## નેટવર્ક મીટીંગ

તા. ૮ ના રોજ સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્કની મીટીંગ રાખવામાં આવેલી હતી. આ મીટીંગમાં સીએએના બજેટ તેમજ હીવોસ અને ઓકસફામની બાકી રહેતી કામગીરી પર ચર્ચા કરવામાં આવી હતી. તેમજ આ કાર્યક્રમ અંતર્ગત કરવાની થતી કામગીરીનું આયોજન કરવામાં આવ્યુ હતું.

તા. ૧૯ – ૨૦ ના રોજ સ્ત્રી હિંસા વિરોધી ઝુંબેશ કાર્યક્રમના રીવ્યુ તેમજ આયોજન અંગે નેટવર્કના સભ્યો મળ્યા. સહયોગ–લખનૌ દ્વારા ચાલતા મુલ્યાંકનમાં પ્રાથમિક બાબતો ધ્યાન પર આવી તેની ચર્ચા કરવામા આવી. ખાસ કરીને અમલીકરણ (પાર્ટનરશીપ) તથા હિમાયત (નેટવર્કીંગ) પર આગળની રણનીતી ઘડવા ચર્ચા કરી.

## રાષ્ટ્રિય પર્યાવરણ જાગૃતિ અભિયાન

તા. ૧૪ ના રોજ વિકસત નેહરુ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ ખાતે એક મીટીંગ મળી. આ મીટીંગમાં સંસ્થાના કાર્યકર શ્રી નિલેષભાઈએ આ અભિયાનમાં સંસ્થાએ કઈ રીતે કામ કરવાનું છે તેમજ વર્કશોપનુ મહત્વ અને તેના વિશે માર્ગદર્શન મેળવ્યું હતું. રાષ્ટ્રિય પર્યાવરણ જાગૃતિ અભિયાનની કેટલીક મહત્વની વહીવટી જાણકારી પણ આપવામાં આવી હતી. અભિયાન અંતર્ગત જાગૃતિ તથા અમલીકરણના કાર્યો સુનિચ્છિત થયા.

## NGO કાર્યકર્તા મીટીંગ

તા. ૯ ના રોજ બગસરા ખાતે નાબાર્ડ દ્વારા યોજાયેલ મીટીંગમા સખી મંડળના આગમનથી અગાઉથી ચાલી રહેલા સ્વ સહાય જુથોના અસ્તિત્વ અને તેના ખતરા અંગે સંવાદ રચાયો હતો.

## પાણી અને સ્વચ્છતાના સ્વાવલંબનની લોક હિમાયત અભિયાન



સીએફડીએ દ્વારા પાણી અને સ્વચ્છતાના સ્વાવલંબનની લોક હિમાયત માટે અભિયાનમાં ૪ ગામો (લાસા, ધાવડીયા, તાંતણીયા અને નીંગાળા)માં જુદી જુદી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

જેવી કે... શાળાના બાળકો સાથે રેલી, ગ્રામસભા, સહી ઝુંબેશ, સાહીત્ય વિતરણ, પોસ્ટરો લગાવવા વગેરે પ્રવૃતિ કરવામાં આવી હતી. લોકો ઉત્સાહભેર આ અભિયાનમા જોડાયા હતા.

**વિચારપુર્વકનું વર્તન એ પ્રગતિના પંથનું પ્રથમ પગલુ છે.**

## આવો જાણીએ જૈવવિવિધતા વિશે

### પ્રસ્તાવના

પૃથ્વીની સપાટી ઉપર અનેક પ્રકારના સજીવો વસવાટ કરે છે. આપણી ચારે તરફ તેઓ ફેલાયેલાં છે. તેમના કદ, દેખાવ વગેરેમાં પુષ્કળ તફાવત છે. અત્યંત નાનાં, સુક્ષ્મ કદનાં જીવાણુઓથી માંડીને હાથી અને જિરાફ જેવાં વિશાળ કદ ધરાવતાં પ્રાણીઓ, તદ્દન નાના કદના છોડ કે ઘાસથી માંડીને તોતીંગ ઉંચાઈ ધરાવતા સિકોયા અને રેડવુડ વૃક્ષો, તદ્દન નાની મશીથી માંડીને બાજ, ગીધ વગેરે મોટાં કદનાં પક્ષીઓ, પંખીઓ....... આ બધા પૃથ્વી પરની જૈવ વિવિધતાના ઉદાહરણો છે. આ પ્રાણીઓ, પક્ષીઓ તથા વનસ્પતિ જુદા જુદા પ્રદેશોમાં જોવા મળે છે. સમગ્રપણે આવી પરિસ્થિતિને જૈવવૈવિધ્ય અથવા જૈવવિવિધતા કહે છે.

### અર્થ

પૃથ્વી પર પ્રાગૈતિહાસિક યુગથી વિવિધ પ્રકારની વનસ્પતિ તથા પ્રાણીઓ ઉત્પન્ન થતાં આવ્યા છે. પ્રત્યેક સજીવ કુળ તેમના જેવું જ સજીવ ઉત્પન્ન કરી શકે છે. આ સજીવોમાં સમયાંતરે વિકાસ થાય છે. અને તેથી પરિવર્તન રચાય છે. જો આ સજીવોની આસપાસની પ્રાકૃતિક પરિસ્થિતિ બદલાય, ખાસ કરીને આબોહવામાં પરિવર્તન આવે ત્યારે આ સજીવો જો બદલાયેલી પરિસ્થિતિ સાથે અનુકુલન ના સાધી શકે તો તે નાશ પામે છે. આમ, જૈવ–ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં ફેરફાર થાય છે.જીવસૃષ્ટિની વિવિધ જાતિ–પ્રજાતિમાં, છોડવા કે પ્રાણીઓની કેટલી સંખ્યા જીવંત રહે છે તે જાણવા માટે જૈવ–કુળોની યાદી તૈયાર કરવામાં આવે છે, જેનાથી કેટલા પ્રકારની જૈવ–સૃષ્ટિ અસ્તિત્વમાં છે તે જાણી શકાય છે. જૈવ સૃષ્ટિના આ પ્રકારોને સમગ્રપણે જૈવ વૈવિધ્ય અથવા જૈવવિવિધતા કહેવાય છે.

### પ્રકાર

(૧) માનવ જૈવવિવિધતા
(૨) કોકેસોઈડ, કેપોઈડ
(૩) મોંગોલોઈડ ઓસ્ટ્રેલોઈડ
(૪) નિગ્રોઈડ જેવી જાતિઓ
(૫) પાલતુ પ્રાણી વિવિધતા
(૬) દુધાળા ઢોર, મરઘા,
(૭) ખેતી ઉપયોગી જાનવરો

### મહત્વ

વિવિધ વનસ્પતિ તથા પ્રાણીઓ માનવીને અનેક રીતે ઉપયોગી બને છે. માનવીની ઘણી પ્રવૃતિઓ સાથે તે સંકળાયેલા છે. કેટલીક આર્થિક પ્રવૃતિઓ સંપુર્ણપણે વનસ્પતિ કે નિશ્ચિત પ્રાણીકુળ પર જ આધારિત છે. દા.ત. કાગળ, દીવાસળી, લાખ વગેરે અન્ય પેદાશો વૃક્ષો ઉપર નભે અને ડેરી ઉદ્યોગ પાલતુ પ્રાણીઓ પરજ નિર્ભર થયેલો છે. સિંહ, વાઘ, ગેંડો વગેરે પ્રાણીઓથી પ્રવાસન ઉદ્યોગનો વિકાસ શકય છે. સામુદ્રિક પ્રાણીઓ તથા

કેટલીક વનસ્પતિ પણ ઉપયોગી બને છે. પૃથ્વી પર ૩૦ લાખ કરતાં વધુ સંખ્યામાં જીવસૃષ્ટી હોવાનો અંદાજ છે. જો આ જીવસૃષ્ટિ માનવી માટે વિવિધ રીતે ઉપયોગી બની શકતી હોય તો તેમનુ મહત્વ અનેક ગણુ વધી જાય છે.

**ઉપયોગીતા**

ઘઉં, ચોખા, મકાઈ, કઠોળરેસા, તેલ, ફળ, શાકભાજી વગેરે વનસ્પતિઓના વંશજ છે. આપણે જે લક્ષણો ઈચ્છીત વનસ્પતિમાં જોઈતા હોય તેવા લક્ષણો ધરાવતી વનસ્પતિ સાથે હાલ વસતિ વનસ્પતિનું સંકરણ કરી મેળવી શકીએ છીએ જે જૈવવિવિધતા વગર અશકય છે.

જૈવવિવિધતાને કારણે વધુ ઉત્પાદન, ઉંચી ગુણવતા, રોગ પ્રતિકારકતા તેમજ કીટ પ્રતિકારકતા અને શુષ્કતા પ્રતિરોધ શકય બને છે.

જૈવવિવિધતાને કારણે ઔષધો પણ વનસ્પતિમાંથી પ્રાપ્ત થાય છે. જૈવવિવિધતા માનવમુલ્યોનું પણ મહત્વ ધરાવે છે જેમાં પર્યાવરણ અંગેના પ્રવાસો, પક્ષી દર્શન, પ્રાણીજીવો, પાલતું પ્રાણીઓને સાચવવા, બગીચા વગેરેનો સમાવેશ થાય છે.

તુલશી, પીપળો, જેઠીમધ, અરડુસી, હળદર, લીમડો વગેરે વનસ્પતિઓ વિવિધ રોગો સામે ઉપયોગી છે.

**જૈવિકવૈવિધ્ય સામેના ભયસ્થાનો**

જૈવ ઉત્ક્રાંતીનો એક નિયમ છે કે ઉત્પન્ન થયેલી જૈવ પ્રજાતી સમયાંતરે લુપ્ત થાય છે. તે નામશેષ બને છે અથવા તેનુ અસ્તિત્વ જ નાબુદ થઈ જાય છે. કરોડો વર્ષોથી જૈવ પ્રજાતિઓ ઉત્પન્ન થઈ અને લુપ્ત થતી ગઈ. આ ક્રમ ચાલ્યા કરે છે. જાતિ –પ્રજાતિઓ સામુહીક રીતે લુપ્ત થવા માટે ૫૦ લાખ વર્ષનો સમયગાળો ધારવામાં આવે છે. પ્રત્યેક સદી દરમિયાન જૈવકુળની ઘણી જાતિ–પ્રજાતિઓ નાશ પામે છે. તેમાંથી કેટલીક જાતિઓનો નાશ પર્યાવરણમાં થયેલા ફેરફારોને કારણે છે. મુખ્યત્વે આબોહવાના ફેરફારને લીધે ઘણી વનસ્પતિ તથા પ્રાણીઓની જાતો નાશ પામી છે. પણ,માનવીય પ્રવૃતિઓએ આજના યુગમાં જૈવવૈવિધ્ય માટે ભય ઉભો કર્યો છે. જૈવ–કુળોના નાશ માટે કેટલાંક કારણો જવાબદાર છે, જે નીચે મુજબ છે.

**જવાબદાર કારણો**

(૧) નિવાસ્ય ક્ષેત્રનો નાશ
(૨) નિવાસ્ય ક્ષેત્રોનું વિભાજન
(૩) વિક્ષેપ અને પ્રદુષણ
(૪) પરદેશી જાતિઓનો પ્રવેશ

આમ, જૈવિક વિવિધતા ધરાવનારા પ્રદેશોમાં આવા કારણસર સ્થાનિક જૈવ સુષ્ટિને માટે કેટલાંક ભયસ્થાનો રચાયા છે.

***પુર્વગ્રહો તો પ્રગતિપંથ આડેના પથ્થરો છે.***

## કિશોરાવસ્થા દરમિયાન યોગ્ય પોષણયુકત આહારની ઉપયોગીતા

કિશોરાવસ્થા દરમિયાન વિકાસમાં ઝડપી વધારો અને શારીરીક પ્રવૃતિઓમાં વધારો થતો હોવાને લીધે કેલરી અને પોષણની જરૂરીયાત વધારે રહે છે. જો આ સમય દરમિયાન પોષણ યુકત આહાર લેવામાં ન આવે તો વિકાસ પર અવળી અસર થતી હોય છે. પોષણયુકત ખોરાકની ખામી માત્ર શારીરીક વિકાસનેજ નહી પરંતુ બૌધ્ધિક વિકાસ તેમજ શારીરીક પરીપકવતાને પણ અસર કરે છે. કિશોરાવસ્થા દરમિયાન લેવામાં આવતો ખોરાક શારીરીક તેમજ બૌધ્ધિક વિકાસને સંતોષી શકતો હોવો જોઈએ. કિશોરાવસ્થામાં છોકરા છોકરીઓને ખોરાકમાંથી કેવા વીટામીન્સ મળવા જોઈએ તેમજ તે શા માટે જરૂરી છે તેની ચર્ચા કરીએ.

**મીનરલ્સની જરૂરીયાત :**

હાડકા તેમજ લોહીની માત્રામા વધારો થતો હોવાથી શરીરને કેલ્સીયમ, ફોસ્ફરસ તેમજ આયર્નની જરૂર પડે છે.

**કેલ્શીયમ :**

વૃધ્ધાવસ્થા દરમિયાન ઓસ્ટેપોરોસીસથી બચવા માટે જરૂરી છે. કેલ્શીયમ ખાસ કરીને દુધ તેમજ દુધની બનાવટો ભોજનમાં લેવાથી પ્રાપ્ત થઈ શકે છે.

**આયોડીન :**

આયોડીનની ખામી વાળા શરીરના ભાગમાં ગોઈટરને રોકવા તેમજ કિશોરાવસ્થાના સમયગાળા દરમિયાન પુરકત્વ તરીકે જરૂરી છે. તે આયોડીન વાળુ મીઠુ ખાવાથી મળી રહે છે.

**આયર્ન :**

એનેમીયાની ખામીવાળા લોકો ફીકકા તેમજ વધુ કામ ન કર્યુ હોવા છતા પણ વધારે થાકેલા દેખાય છે. કેટલીકવાર આયર્નની ગોળી ડોકટરની સલાહ મુજબ લેવી જોઈએ. કિશોરાવસ્થા દરમિયાન સ્નાયુ તેમજ લોહીમાં જેમ વધારો થતો જાય તેમ આયર્નની જરૂરીયાત પણ વધતી જાય છે.

છોકરાઓમાં સ્નાયુઓના અચાનક વધારાને કારણે આયર્નની ખામી સર્જાવાની શકયતા રહેલી છે.

છોકરીઓમાં માસીક સ્ત્રાવની શરૂઆત અને સ્નાયુઓમાં અચાનક વધારાને લીધે આયર્નની ખામી સર્જાય છે. છોકરીઓમાં આયર્નની ખામી વધારે જોવા મળે છે. જો આયર્નની ખામી હોય તો એનેમીયા થાય છે અને જો ગર્ભાવસ્થા દરમિયાન એનેમીયા હોય તો ઓછા વજનનું બાળક જન્મવાની તેમજ માતાને એનેમીયાની લગતા કોમ્લીકેશન જોવા મળે છે.

લીલા પાંદડા વાળા શાકભાજી, બાફેલા ચોખા, ગોળ, લાલ માસ, વિટામીન 'સી' માટે ઉપયોગી એવા ખાંટા ફળો જેવાકે લીંબુ, દ્રાક્ષ, મોસંબી, આમળા તેમજ બધાંજ પ્રકારના કઠોળ આયર્નની પુતર્તા માટે ઉપયોગી છે.

સ્ત્રોત : લર્નીંગ ફોર લાઈફ

***આત્મવિશ્વાસ એ મોટામાં મોટી સફળતા છે.***

## સ્વરોજગારી કે સ્વ.રોજગારી

આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે આ વાતથી અબાલ વૃધ્ધ સૌ પરીચીત જ છે. છતા દર વખતે ભારત દેશની લખાતી પ્રોફાઈલમાં આપણે આગળનું આ વાકય લખતા હોઈએ છીએ. આજના ઝડપી યુગમાં વિકસીત એવો આપણો દેશ ભલે અતિ વિકસીત દેશોની હરોળમાં પગલા ભરતો હોય પણ ખેતી એ આપણા દેશનો મુખ્ય વ્યવસાય છે. આ વાતને કોઈ નકારી શકતુ નથી. ઘણી બધી વિદેશી કંપનીઓએ ભારતમાં પગપેસારો કર્યો છે. સાથે સાથે આપણા દેશના આગલી હરોળના કહી શકાય તેવા ઉદ્યોગકારોએ દેશમાં ઔદ્યોગીક ક્રાંતી માટે પ્રયત્નો શરૂ કરેલ છે. અને આ કારણે દેશની ગણના ઝડપથી વિકસતા દેશોમાં થઈ રહી છે. આ બધી થઈ વિકાસની વાતો પણ જયારે આ વાત કરીએ ત્યારે આપણે ખેતી ને ભુલી જઈએ છીએ અને જેને પોતાની કહી શકાય તેવી સ્વરોજગારીથી ખેડુતોને હડસેલવામાં આવી રહયા છે. જેનુ તાજુ ઉદા. હમણા પશ્ચિમ બંગાળના કિસ્સામાં ખેડુતોએ પોતાની જમીનો બચાવવા કરેલ આંદોલન છે.

વિકસતા આ દેશમાં રોજગારીની તકો સીમીત થઈ રહી છે. ત્યારે પોતાની રોજગારી પર નિર્ભર હોય એવા હવે તો કહી શકાય કે ગણ્યા ગાંઠયા ખેડુતોને પજવવાનું શરૂ થયુ છે. સરકાર રોજગારી માટે પ્રયત્નો કરી જ રહી છે. પણ લોકો કે જેને તેની જરૂર છે તેના સુધી શુ આ માહીતી પહોંચે છે?

આપણે સહુ જાણીએ છીએ કે સ્વરાજ મળ્યું તેમાં પણ કયાંક અને કયાંક સ્વરોજગારીનો ભાગતો છે જ. આપણે તે સમયની માહીતી પરથી જાણીએ છીએ કે ગ્રામોદ્યોગને લોકોએ ખુબ પ્રોત્સાહન આપેલ જેમાં ખાદી અગ્ર હરોળમાં કહી શકાય.

દેશમાં કમ્પ્યુટરોએ માનવનું સ્થાન લઈ લીધુ છે. એક કમ્પ્યુટર લગભગ દસ વ્યકિતની ગરજ સારે છે આથીજ બુધ્ધિજીવીઓ તેને પ્રાધાન્ય આપીરહયા છે. આતો માત્ર એક ઉદાહરણ છે અન્ય ઘણા સ્ત્રોતો છે જે ઝડપી છે પરંતુ લોકોની રોજગારીની તકો પણ એટલીજ ઝડપ થી છીનવી રહયા છે. સામે બેરોજગાર એવા યુવાનોને રોજગારી મળે તેવા અલ્પ પ્રયત્ન શું આ કારમી પરિસ્થિતિને થાપ આપશે તે આપણા બધા સામે એક પ્રશ્ન છે.

જયારે આપણે કોઈ બેરોજગારને મળીએ અને તેની સાથે સ્વરોજગારની વાત કરીએ ત્યારે તે વિસ્મયથી આપણી સામે જોઈને કહેશે. જયારે અમે અલ્પ નાણાથી શાકભાજીની લારી જેવો નાનો એવો સ્વરોજગારી આપે તેવો વ્યવસાય શરૂ કરીએ. ત્યારે સામે મોટા ઉદ્યોગપતીઓ મોલ કલ્ચર ઉભી કરી અમારી નાની એવી તકને પણ ઝુંટવી રહયા છે. અમને તો સ્વરોજગારી મળવાને બદલે તે મારતી હોય તેવુ લાગે છે અને આ શબ્દ સાંભળીએ ત્યારે રોજગારી આગળ જાણે સ્વર્ગસ્થનો સ્વ. લાગ્યો હોય તેવુ લાગે છે.

**ખરેખર સ્વરોજગારી નહી પણ સ્વ. રોજગારીની પરીસ્થિતી છે.**

– ભરત વાળા

*સદ્‌ભાગ્ય હમેંશા પરિશ્રમની સાથે જ હોય છે.*

આત્મીય ટપક પરીવારને.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર વર્ષ ૯ અંક ૧૦ ઓકટોબર ૨૦૦૭ છેલભાઈ જે શુકલ, નર્મદા કોલોની, શિનોરથી મેળવી વાંચી આપને પત્ર પાઠવી રહયો છુ. પુ.પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજીના વિવિધ પ્રયોગો પૈકી વૃક્ષમંદિરનો પ્રયોગ સમજાતા સ્વાધ્યાય કરતા કરતા પર્યાવરણ પ્રેમ સમજાયો.

હમણા ૨૦/૧/૦૮ બરાબર આ પત્ર લખુ છુ તે એક મહીના પહેલા શિનોર ગામે પર્યાવરણ જાગૃતિ હાટ બજાર યોજવામાં આવેલ તેમાં જી.સી.ઈ.આર.ટી. ગણીત વિજ્ઞાનના રીડર ડો વિજયભાઈ પટેલ ગાંધીનગરથી શિનોર આવી સ્વરચિત ગીતગુંજન પુસ્તકનું વિમોચન કરેલ. આ ટપક પરીવારને ગીત ગુંજન મોકલતા ગૌરવ અનુભવુ છું. આપણુ "ટપક" મને નિયમિત મળશે તો આનંદ થશે. પત્ર મૈત્રી દ્વારા મળતા રહીશું.

લી. યોગેશ બી. મિસ્ત્રી
તાલુકા.પ્રા.શાળા શિનોર

વાચક મિત્રો
ટપકને આપ સુધી પહોચાડતા આનંદ અનુભવીએ છીએ. પરંતુ ટપકને વધારે અસરકારક અને સારુ બનાવવા આપના પ્રતિભાવો ખુબ જરૂરી છે. તો આપના પ્રતિભાવો ટપક ટીમને મોકલવા વિનંતી છે.
ટપક ટીમ

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers, Ganesh complex - Amreli and Published at 95-Jalaramnagar (2), Amreli, Editor : Dhiren Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1st of month

**ટપક કાર્યાલય :**
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,**
**૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,**
**ગોકુલ પાર્ક સામે, અમરેલી-૩૬૫ ૬૦૧.**
Tel/Fax : 02792-223525
E-mail : hard_ad1@sancharnet.in

**નમ્રતાના બીજમાંથી સદગુણોની ફુલવાડી પ્રગટે છે.**